
# તેં મારું ઇંડું જોયું?



ARCH eklavya

ચિત્રો:
કનક શશી

# તેં મારું ઈંડું જોયું?

બાળ ગતિવિધિ કાર્યક્રમ, પલિયા પિપરિયા,
જી. હોશંગાબાદ દ્વારા રૂપાંતરિત વાર્તા

ચિત્રો: કનક શશી

ARCH eklavya

# તેં મારું ઈંડું જોયું?
TE MARU INDU JOYU?

બાળ ગતિવિધિ કાર્યક્રમ, પલિયા પિપરિયા, જી. હોશંગાબાદ દ્વારા રૂપાંતરિત વાર્તા
ચિત્રો: કનક શશી
ગુજરાતી ભાષાંતર: આર્ચ ટીમ
પ્રકાશન: બંસી (સંપાદન), મમતા શર્મા (ભાષાશુદ્ધિ), ઇન્દુ નાયર, ખીઝર મહોમ્મદ, કમલેશ યાદવ (ઉત્પાદન)

મૂળ એકલવ્ય દ્વારા પ્રકાશિત હિન્દી વાર્તા 'तुमने मेरा अण्डा तो नहीं देखा?' નું ગુજરાતી ભાષાંતર.
Gujarati translation of the story 'तुमने मेरा अण्डा तो नहीं देखा?' published in Hindi by Eklavya.

CC BY NC ND એકલવ્ય ફાઉન્ડેશન અને આર્ચ, ફેબ્રુઆરી 2025

ક્રિએટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત આ વાર્તાનો બિન-ધંધાકીય શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરી શકાશે. ઉપયોગ કરનારે મૂળ સ્રોત તરીકે આ પુસ્તક, લેખક તથા પ્રકાશકનો ઉલ્લેખ કરવો તથા તેમને સૂચિત કરવા આવશ્યક છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

પહેલું સંસ્કરણ: જાન્યુઆરી 2020/ 2000 નકલ
બીજું સંસ્કરણ: ફેબ્રુઆરી 2025/ 2000 નકલ
કાગળ: 90 gsm મૅપલીથો અને 220 gsm પેપર બોર્ડ (પૂઠું)
ISBN: 978-93-48176-63-9
કિંમત: ₹ 45.00

સહપ્રકાશક:
એકલવ્ય ફાઉન્ડેશન (Eklavya Foundation)
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
+91 755 - 297 7770, 71, 72
www.eklavya.in I books@eklavya.in

આર્ચ (ARCH)
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
+91 98256 51341
arch.dharampur@gmail.com

મુદ્રક: આર કે સિક્યુપ્રિન્ટ પ્રા. લિ., ભોપાલ, ફોન +91 755 268 7589






એક દિવસ એક ઘરની ઉપરના ઓરડે મરઘીએ
એક ઈંડું મૂક્યું.



ઈંડું તો પગથિયાં પરથી
ગબડી ગયું.

મરઘીને થયું, “અરે! મારું ઈંડું ક્યાંક ખોવાઈ તો નથી ગયું ને?”





મરઘીએ પગથિયાં ઊતરતાં ઊતરતાં બક્કુ બકરાને પૂછ્યું, "તેં મારું ઈંડું જોયું?"

"હા, હા, જોયું છે ને," બક્કુ બોલ્યો, "એ તો મારી બ્રેડ ઉપર પડયું હતું. પછી ટેબલ પરથી ગબડતું-ગબડતું બારીમાંથી બહાર જતું રહ્યું."






“તેં મારું ઈંડું જોયું?” મરઘીએ નાની ચકલીને પૂછ્યું.

“હા, હા, જોયું છે ને,” ચકલી બોલી.

“એ તો આ ભૂંગળામાંથી ગબડતું-ગબડતું પેલા કાણામાં જતું રહ્યું.”





મરઘી દોડીને બહાર પહોંચી.
તેણે બડકુ સૂવરને પૂછ્યું, “તેં મારું ઈંડું જોયું?”



“તારું ઈંડું તો મારા માથા પર પડ્યું હતું,” બડકુ બોલ્યો, “પછી મારી પીઠ ઉપરથી ગબડતું-ગબડતું મારી પૂંછડીના ગુચ્છામાંથી બહાર નીકળી ગયું.”



મરઘી દોડીને આંગણામાં પહોંચી ગઈ.
“અલી, તેં મારું ઈંડું જોયું?” તેણે બતકને પૂછ્યું.

“હા, મેં જોયું છે ને”, બતક બોલી. “એ ગબડતું-ગબડતું વાડાની પેલી બાજુ નીકળી ગયું.”






મરઘી તો આગળ દોડી. ત્યાં બટકી
સસલી ઈંડાં રંગતી ’તી.

"તેં મારું ઈંડું જોયું?" તેણે બટકીને પૂછ્યું.

"હા, હા, જોયું છે," બટકી બોલી.
"એક નાનું-અમથું, વ્હાલકું ઈંડું થડના
પોલાણમાં ઘૂસી ગયું છે."







મરઘી થડના બીજા છેડે પહોંચી. અરે બાપ રે! જેવું તેણે પોતાના ઈંડાને જોયું કે તે ગબડીને એક દરમાં જતું રહ્યું.

“હાય મારું ઈંડું! હાય મારું ઈંડું!” મરઘી તો રડવા લાગી. “મારું ઈંડું ખોવાઈ ગયું. ખોવાઈ ગયું, ખોવાઈ ગયું, ખોવાઈ ગયું મારું ઈંડું!”

પણ ત્યાં તો...



....એક ઉંદરડી દરમાંથી બહાર નીકળી. તે
બોલી, “મરઘી, મને તારું ઈંડું મળી ગયું...





...પણ તેને કંઈ થઈ ગયું છે. તેના ટુકડા-ટુકડા
થઈ ગયા છે. પણ ધ્યાનથી જો...
તો તને ખબર પડશે કે...



...હવે તારી પાસે એક વહાલું-વહાલું પીલું છે!"

મરઘી ખૂબ ખુશ થઈ ગઈ. તેનું ઈંડું તો રહ્યું નહીં,
પણ એની પાસે હવે નાનકડું પીલું છે.







“કેમ છે મમ્મી!” નાનકું પીલું બોલ્યું.
મરઘી વધારે ખુશ થઈ ગઈ! તમે પણ ખુશ છો ને?




વાચન શીખી રહેલા બાળકોની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને એકલવ્યે હિન્દીમાં ઘણી ચિત્રવાર્તાઓ પ્રકાશિત કરી છે. જેમ કે: રૂસી ઔર પુસી, બિલ્લી કે બચ્ચે, નાવ ચલી, ભાલુને ખેલી ફૂટબોલ, વગેરે. આમાંની કેટલીક વાર્તાઓનું અંગ્રેજી, મરાઠી, બુંદેલી, બાંગ્લા, છત્તીસગઢી, માલવી, ગોંડી તથા કોરકુ ભાષામાં પણ ભાષાંતર થયું છે.

## એક્શન રીસર્ચ ઈન કોમ્યુનીટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (આર્ચ)-નચિકેતા ટ્રસ્ટ

આર્ચ અને નચિકેતા ટ્રસ્ટ સ્વૈચ્છિક સંસ્થાઓ છે. લોકોને આવરી લેતી આરોગ્યની અને શિક્ષણની સમસ્યાઓને સમજી, તેમાં તબક્કાવાર સુધારા કરવા માટે નવી નવી રીતો, પધ્ધતિઓ તથા સાધનો આર્ચ વિકસાવી રહ્યું છે. ગુજરાતમાં અને ખાસ કરીને અંતરિયાળ ગામોના બાળકો-શિક્ષકો માટે આવી પધ્ધતિઓનો પ્રસાર તથા વ્યવસ્થિત લાંબા ગાળાના કાર્યક્રમો પણ આ અંતર્ગત કરવામાં આવે છે.

ભાષા શિક્ષણની પ્રવૃત્તિ દરમ્યાન વર્ષોના અનુભવે સમજાયું કે ગુજરાતી ભાષામાં બાળકોને સ્પર્શી જાય તેવું, તેમને અચંબિત – આનંદિત કરે તેવા બાળ-સાહિત્યની ખૂબ જ ઉણપ છે.

ખાસ કરીને બાળકના પ્રારંભિક વર્ષોમાં, ૪ થી ૭ વર્ષના બાળકો માટે ભારતમાં બીજી ભાષાઓમાં સુંદર બાળવાર્તાઓ પ્રકાશિત થઈ છે. જેમાં એકલવ્ય-ભોપાલ, સીબીટી, એનબીટી, તુલિકા, પ્રથમ, જ્યોત્સના પ્રકાશન વગેરેનો મોટો ફાળો છે. આર્ચ દ્વારા અત્યાર સુધી એકલવ્ય દ્વારા પ્રકાશિત થયેલી 30 બાળવાર્તાઓ, ૧૮ પુસ્તિકાના સેટ અને ૩ બિગ બુકનું ગુજરાતીમાં પ્રકાશન થયું છે. જેને બાળકોમાં ખૂબ જ સારો આવકાર મળ્યો છે.

એકલવ્યના ચિત્રવાર્તાના ભંડારમાંથી આ એક પુસ્તિકા 'તેં મારું ઇંડું જોયું?' પ્રસ્તુત છે. હવે બીજી કેટલીક બાળવાર્તાઓ તથા પોસ્ટરોનો સંપુટ પ્રકાશિત કરવાની યોજના છે.

## ચિત્રવાર્તાઓ શા માટે?

વાંચન શીખી રહેલા અને હાલમાં જ વાંચતા શીખ્યા હોય તેવા બાળકોને, પોતાના નવા હુન્નરને વારંવાર અજમાવવા માટે ખૂબ બધી વાર્તાઓની જરૂર હોય છે. ૩ થી ૭ વર્ષની ઉંમરના બાળકો માટે સૌથી સારી વાર્તાઓ એ હોય છે જેમાં કેટલાંક સીમિત સંદર્ભોની આસપાસ વાર્તા વણાયેલી હોય, જેમાં નવી નવી પરિસ્થિતિઓ અને સવાલોને ઝંઝોડતા કેટલાક ગણ્યા ગાંઠયા પાત્રો હોય. અમુક વાતો વાર્તામાં ફરી ફરી આવ્યા કરે અને અમુક વાતો કંઈક નવીનતા સાથે ખુલતી જાય. વાંચનના પ્રારંભિક સ્તર પાર આવી વાર્તાઓ વાંચન કૌશલ અને રુચિ કેળવવાની ભરપૂર તક પૂરી પાડે.

ચિત્રકથાઓમાં ખૂબ બધાં ચિત્રો હોવા જોઈએ. એવાં રસાળ ચિત્રો જેમાં બારીકી હોય અને તેની સાથે રામજાની, તેમાં કંઈક કંઈક શોધવાના અવસર પણ. સાથે જ પ્રત્યેક પાના પર એકાદ-બે વાક્ય જે ચિત્રોને પૂરક હોય. એવામાં બાળકો જાતે જ આખી વાર્તાઓ અર્થ તારવી-સમજી લેતાં હોય છે.

સારી ચિત્રકથાઓ ઘણી વાર જીવનભરની મિત્ર બની જતી હોય છે!

ARCH eklavya

કિંમત: ₹ 45

9789348176639